



ખેડબ્રહ્મા શહેરમાં ગતરોજ જયેશકુમાર મહેતાના મકાનમાં પાર્કીંગ ગેરેજમાં પાર્ક કરેલી મારૂતિ ઈકો કાર અચાનક સળગી ઉઠતા ઘરમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી જયારે ક્ષણવારમાં જ કાર ભસ્મીભૂત થઈ ગઈ હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# પ્રાંતિજમાં છેલ્લા ૧૩ દિવસ ભરબપોરે પાંચ નાગરિકો લૂંટાયા

## અંદાજે કુલ ૮૦ હજારથી વધુનો મુદ્દામાલ લઈ ચોર ઈસમો ફરાર

પ્રાંતિજ, તા.૮

પ્રાંતિજ તાલુકામાં નેશનલ હાઈ-વે નજીકના પેટ્રોલ પંપ, પ્રાંતિજ બજાર અને ભાખરીયા વિસ્તારમાં છેલ્લા ૧૩ દિવસમાં ૫ જેટલા છેતરપીંડી અને નજર ચૂકવી રોકડની ઉઠાંતરીના બનાવો બનતા પ્રાંતિજ પોલીસ સામે અનેક પ્રશ્નાર્થ ઉભો થયો છે. આથી સ્થાનિકો ભારે રોષે ભરાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજના ભાખરીયા વિસ્તારમાં બસ સ્ટેન્ડ નજીક તાજપુરના પોષ્ટ માસ્તર સવારે ૧૧ કલાકે રૂ. ૩૧૦૦૦ રોકડા પોષ્ટમાં ભરવા માટે લઈ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં અચાનક બાઈકસવાર નજીક ચુકાવી પૈસા લઈ ફરાર થઈ ગયો હતો જયારે અન્ય એક રેઈમેઈડ કપડાની દુકાનમાંથી ૧૫૦૦નો માલ લઈ ૩ વ્યકિત ફરાર થઈ ગયા હતા. ઉપરાંત વસવાડાના પેટ્રોલ પંપ પર મેક્ષ ગાડી ડીઝલ ટેન્ક ફુલ કરાવી છુમંતર થઈ ગયા હતા અને એ જ અરસામાં એક સીતવાડાના એક ગરીબ શાકભાજીના વેપારીના રૂ. ૩૫૦૦૦ ગજવામાંથી રીક્ષા ચાલક લઈ પલાયન થઈ ગયો હતો. આથી સ્થાનિકો ભારે ભયભીત બન્યા છે અને પોલીસ તંત્રની બેદરકારી સામે ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો તેમજ તાલુકામાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માંગણી કરી રહ્યા છે.

# આંખ આડા કાન કરનાર પાલનપુર તાલુકા પી.એસ.આઈ. સસ્પેન્ડ

## બનાસકાંઠા જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ

પાલનપુર, તા. ૮

પાલનપુર તાલુકાના આંત્રોલી ગામમાં તાજેતરમાં ચાર ડીવાઈએસપી સહિતના પોલીસ કાફલો ત્રાટક્યો હતો. જે પોલીસના વ્યાપક દરોડાને પગલે રૂ. ૭૨,૬૦૦નો દેશી દારૂ ઝડપાયો હતો. જે પ્રકરણમાં સ્થાનિક પાલનપુર તાલુકા પી.એસ.આઈ.ને દાખવવા બદલ જિલ્લા પોલીસવડાએ સસ્પેન્ડ કરતા બ.કા. પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. પાલનપુર તાલુકાના આંત્રોલી ગામમાં ગત ૪થી નવેમ્બરના રોજ ચાર ડીવાયએસપી સહિત કુલ ૧૦૬ પોલીસ કાફળો ત્રાટક્યો હતો. જે પોલીસના દરોડામાં ૧૭ ભઠ્ઠીઓ પરથી પરૂ. ૭૨.૬૦૦ નો દેશીદારૂ સહિતનો મુદ્દામાલ ઝડપાયો હતો. આમ ચૂંટણી ટાણે આદર્શ આચારસંહિતાના અમલ વચ્ચે દારૂબંધીના કડક અમલ સામે બેદરકારી દાખવવા બદલ પાલનપુર તાલુકા પી.એસ.આઈ. એન. પી. છાપાને જિલ્લા પોલીસવડા અશોકકુમાર યાદવે તાકીદે સસ્પેન્ડ કરતા બનાસકાંઠા જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

# ભુતેડી ગામે નશામાં ચકચુર બની ટોળકીએ કર્યો બે પર હુમલો

પાલનપુર, તા.૮

પાલનપુર તાલુકાના ભુતેડી ગામે સાંજના સમયે નશામાં ચકચુર ટોળકીએ રાવળ પરિવારના બે સભ્યો ઉપર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ તકરારમાં પિતા-પુત્ર ગંભીર રીતે ઘાયલ થતા આ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે પાલનપુર સિવીલ હોસ્પિટલમાં ખસેડાયા છે. જેમાં એક યુવકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ ધિંગાણાની વિગત જોઈએ તો ભુતેડી ગામે ગત સાંજના સમયે રાવળ પરિવારના છ વ્યકિતઓ નશામાં ચકચુર બની રાવળ પરિવારના જ ઈશ્વરભાઈ માધાભાઈ રાવળના પરિવાર ઉપર શસ્ત્ર હુમલો કર્યો હતો. જેમાં ઉશ્કેરાયેલી ટોળકીએ લોખંડની પાઈપો તેમજ ધારિયા વડે ઈશ્વરભાઈ માધાભાઈ રાવળ તેમજ તેમના ૨૦ વર્ષિય પુત્ર તુષાર ઉપર હિંસક હુમલો કર્યો હતો. જેમાં આ પિતા પુત્ર ગંભીર રીતે ઘાયલ થતા આ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં તુષાર રાવળની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર અર્થે મહેસાણા રીફર કરાયો હતો. જો કે આ બાબતે હુમલાખોરનો ભોગ બનેલ ઈજાગ્રસ્તે હુમલો કરનાર ગામના જ છ વ્યકિતઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

# જંગરાલ બેન્ક ઓફ ઈન્ડિયાના નવીન મકાનનું લોકાર્પણ કરાયું

ડીસા, તા.૮

પાટણ તાલુકાના વાગડોદ વિસ્તારના ગામોને સાંકળતી બેન્ક ઓફ ઈન્ડિયાની જંગરાલ શાખાના નવીન મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૬ વર્ષથી કાર્યરત આ બેંક જુના મકાનમાં ચાલતી હતી એટલે સુવિધાયુકત નવિન મકાનનું કામકાજ શરુ કરાયા બાદ તે પૂર્ણ થવા પામ્યું હતું. આ પ્રસંગે જંગરાલ, ખારેડા, અબલૌવા, કોઈટા, ભાટસણ, વહાણા સહિત ૪૦ ગામોના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મેનેજર જી.પી.સિંહ અને એડવોકેટ મનુભાઈ બારોટે બેન્કની લોન, બચત સહિત વિવિધ યોજનાઓની માહિતી આપી હતી.


૧૯૭૬માં શરુ કરાયેલ જંગરાલ શાખા પાટણ જિલ્લામાં રૂરલ બેન્ક પ્રથમ શરુ થઈ હતી. આ બેંક જંગરાલના વતની અને કેન્દ્રમાં નાણા પ્રધાન તરીકે રહી ચુકેલા મગનભાઈ બારોટના પ્રયાસોથી શરુ થઈ હતી.

# પાલનપુરમાં રૂ. ૯ લાખની લૂંટ કરનારા બે આરોપીઓને ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરાયા

પાલનપુર, તા. ૮

પાલનપુરમાં ગત તા. ૧લી નવે.નારોજ એસબીઆઈ બેંકમાંથી રૂ. ૯ લાખ લઈ થેરજના પ્રો. એમ. કે. મકવાણાના રૂપિયા લૂંટી લેનારા અમદાવાદના છારા કોમના બે આરોપીઓને અમદાવાદ સરદારનગર અને પાલનપુર પોલીસે મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.

તે બંને આરોપીઓ અલ્પેશ ગોપાલભાઈ ઈન્દ્રકર, કીરીટ પૂનમભાઈ ઈન્દ્રકર (છારા)ને પાલનપુર પોલીસે ચીફ જ્યુ. મેજી. સમક્ષ ૧૪ દિવસના રિમાન્ડ તપાસ માટે માંગેલ. ના. કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.



# સીતાફ્ળનું આગમન...

ડીસા શહેરમાં ધીમે ધીમે શીયાળની ઠંડીની શરૂઆત થઈ રહી છે. હાલમાં સવાર માં તથા મોડી રાત્રે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. શીયાળાની શરૂઆત થતાની સાથે વિવિધ આરોગ્ય વર્ધક ફળોનું સેવન કરવાથી તંદુરસ્તી સચવાઈ રહે છે. તેમાં આંબળા, જામફળ, બોર, તેમજ પણ ખાસ કરીને મીઠા મધ જેવા સીતાફળ બજારમાં આગમન થતા નાના મોટા લોક સૌ કોઈ સીતાફળ નો સ્વાદ જરૂર થી માણે છે.આવા મીઠા મધ સીતાફળ બજારમાં લારીઓ ઉપર નજરે પડવા લાગ્યા છે. તે સીતાફળ તસવીરમાં દ્રસ્ટી ગોચર થાય છે. (તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

# ડીસા તાલુકો ડેન્ગ્યુના ભરડામાં

## ૧૩ દર્દીઓ પોઝીટીવ નીકળતા તંત્રમાં દોડધામ

ડીસા, તા.૮

સમગ્ર રાજયમાં મેલેરીયા તેમજ ડેન્ગ્યુ જેવા મચ્છરજન્ય રોગોથી અનેકોના મોતના સમાચારો વચ્ચે આ મચ્છરજન્ય રોગોએ ડીસાને પણ પોતાના ભરડામાં લેતા છેલ્લા સપ્તાહમાં ડીસા તાલુકામાં તેર જેટલા દર્દીઓ ડેન્ગ્યુ પોઝીટીવ લક્ષણોવાળા મળી આવતા સમગ્ર આરોગ્ય તંત્રમાં દોડધામ મચેલ છે. મચ્છરજન્ય આ રોગ હાલ ડીસા શહેર તેમજ ગ્રામીણ વિસ્તારમાં ભયજનક રીતે ફેલાતા લોકોમાં આ રોગથી ભારે ભય ફેલાયો છે.

જેની વિગતો જોઈએ તો ડીસા તાલુકામાં શહેરી વિસ્તાર તેમજ ગ્રામીણ વિસ્તારમાં જીવલેણ રોડ ડેન્ગ્યુએ પોતાનો પગદંડો જમાવતા સમગ્ર તાલુકામાં ડેન્ગ્યુ પોઝીટીવના તેર જયારે શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો ધરાવતા અનેક દર્દીઓથી શહેરની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો ઉભરાઈ છે. ડીસાની એક હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં તેર જેટલા ડેન્ગ્યુ દર્દીઓએ અંદરના દર્દી તરીકે સારવાર લીધેલ છે. આ બાબતે ખાનગી એમ.ડી. તબીબ રવિભાઈ પટેલે જણાવેલ કે મારી હોસ્પિટલમાં તેર જેટલા દર્દીઓ ડેન્ગ્યુના પોઝીટીવ લક્ષણોવાળા સારવાર તળે આવેલ છે. જે પૈકીના છ દર્દીઓ ડીસાના જયારે અન્ય સાત દર્દીઓ ડીસા આજુબાજુના ગ્રામીણ વિસ્તારોના હોવાનું તેઓએ જણાવ્યું હતું. આ રોગ મચ્છરજન્ય રોગ હોઈ અને જીવલેણ હોઈ તેના માટે આરોગ્યતંત્ર તાત્કાલિક ઉચિત કાર્યવાહી હાથ ધરે તેવું તેમણે જણાવ્યું હતું. જો કે તાજેતરમાં જ ડીસાના બારે વોર્ડોમાં જિલ્લા રોગ નિયંત્રણ અધિકારી ગર્ગ દ્વારા બાર જેટલી આરોગ્યની ટીમોનો સર્વે હાથ ધરાયો હતો અને ફોગીંગ મશીન દ્વારા મચ્છરો દુર કરવા દવાનો છંટકાવ કર્યો હતો. જો કે આ તમામ કામગીરી દરમિયાન નવીન તેર જેટલા ડેન્ગ્યુના દર્દીઓ બહાર આવતા બધુ પોકળ પુરવાર થયેલ છે.

આ રોગને ઉમગતો જ ડામવા અને નિયંત્રિત કરવા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉકટર આચાર્ય, તેમજ ડીસા તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા તાત્કાલિક આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરાશે.



# ડીસામાં રંગોળીના રંગોનું ધુમ વેચાણ

દિવાળીના પર્વના દિવસો હવે નજીક આવી રહ્યા છે. ત્યારે ઘર આંગણે રંગોથી ભરી દેવા માટે યુવતીઓ અને મહીલાઓ ધુ ખરીદી કરી રહ્યા છે. ત્યારે આ દીવાળીમાં રંગોના ભાવ વધારો થયો હોવા છતા રંગોળીના રંગ ફીકા નહી થાય તેવું ડીસાની બજારમાં ચાલી રહેલી ખરીદી ઉપરથી લાગી રહ્યુ છે. રંગોળી માટે કલરનો ભાવ ગત વર્ષ કરતાઆ વર્ષે કીલો એ રૂ.૧૦ નો વધારો થયો હોવા છતા મહિલાઓ તેમજ યુવતીઓ કલરની ઉલ્લાસભેર ખરીદી કરી રહ્યા છે. અને આવા રંગોળીના તહેવારોની લારીઓ શહેરમાં ફરતી થઈ ગઈ છે. લોકો આવા રંગોના કલર ખરીદી કરી રહ્યા નજરે પડે છે. (તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

# ડીસામાં ૧૦૮ ઈમરજન્સી વાન માટે પાર્કિંગ અને સ્ટાફ માટે કવાર્ટસ ફાળવવા માંગ

ડીસા, તા.૮

અસ્માત અનો અન્ય બનાવોમાં ઘવાઈને જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા ઈજાગ્રસ્તોને તત્કાલ સારવાર અર્થે ખસેડી નવી જીંદગી આપતી ઈમરજન્સી ૧૦૮ સાચે જ સમાજ માટે સંજીવની પુરવાર થઈ છે પરંતુ ડીસા ખાતો કાર્યરત ૧૦૮ ઈમરજન્સી વાનને પાર્કિંગની સુવિધા નહીં હોવાથી આ વાનને જયાં ત્યાં પાર્ક કરવાની ફરજ પડે છે એટલે ૧૦૮ વાનને પાર્કિંગની જગ્યા તેમજ સ્ટાફ માટે કવાર્ટસની વ્યવસ્થા કરવામાં આવે તો ૧૦૮ની સેવા વધુ ઝડપથી અને તત્કાલ લોકો સુધી પહોંચી શકે તેમ છે.

ડીસા શહેરમાં કાર્યરત ઈમરજન્સી ૧૦૮ તાલુકા ભરના ગામો માટે આશિર્વાદ રૂપ પુરવાર થઈ છે. આ સેવાના જણાવ્યા મુજબ ૧૦૮ સેવાઓ ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન ૪૭૨ લેબર, ૩૯૪ મેડીકલ, ૨૩૬ આરટીઓ, ૨૬૧ અન્ય મળી કુલ ૧૩૬૩ દર્દીઓને નવી જીંદગી બક્ષી છે પરંતુ ૧૦૮ વાનને પાર્ક કરવા માટે શહેરમાં કોઈ જગ્યા નથી. એટલે સરકાર દ્વારા વાનને પાર્કિંગ કરવા માટે કાયદેસરની જગ્યા ફાળવવી જોઈએ. ડીસા શહેરમાં આવેલ સરકારી હોસ્પિટલમાં ૧૦૮ વાનના પાર્કિંગ અને સ્ટાફના કવાર્ટર તરીકે જગ્યા ફાળવવામાં આવે તો સ્ટાફને ઘણી સરળતા રહે તેમ છે. શહેરમાં ઘણી જગ્યાએ સરકારી ઈમારતો ધુળ ખાતી પડી છે ત્યારે આ મકાનોને પણ ૧૦૮ના સ્ટાફ માટે ફાળવવા જોઈએ.

# ખેડબ્રહ્મામાં વિધાનસભા સીટ માટે આયાતી ઉમેદવાર સામે વિરોધ

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકામાં વિધાનસભાની ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસના કાર્યકર્તાઓની આયાત કરેલા ઉમેદવાર સામે વિરોધનો વંટોળ, ભાજપ, કોંગ્રેસ બન્ને પક્ષો દર વખતે બહારથી લાવેલા ઉમેદવાર લાવવામાં આવે છે માટે આ વખતે અહીના સ્થાનિક ઉમેદવારને ટીકીટ આપવામાં આવે તેવું ઈચ્છી રહ્યા છે. કોંગ્રેસ માટે જિલ્લા પંચાયતના સદસ્ય લીલાબેન ડાભી, જેઓ બીજી ટર્મ માટે ચૂંટાઈ આવેલા છે. જ્યારે બીજા ઉમેદવાર રૂમાલ ધ્રાંગીએ પણ ઉમેદવારી નોંધાવી છે. જે હાલ સરપંચ તરીકે ચૂંટાયેલ છે.

ભાજપમાં છેલ્લા ત્રણ વખતથી રમીલાબેન બારાને ટીકીટ આપવામાં આવે છે જે ફક્ત એક જ વાર નજીવી સરસાઈથી જીત મેળવી શક્યા છે. તેથી આ વખતે તાલુકા પંચાયત પ્રમુખ ભોજાભાઈ મકવાણા ૧૯૮૧ થી સતત તાલુકા પંચાયતમાં ચૂંટાઈ આવે છે જે અંતરીયાળ વિસ્તારમાં ભારે ચાહના ધરાવે છે. ૧૯૮૧ થી ૮૬ સુધી ન્યાય સમિતિના ચેરમેન રહ્યા બાદ હાલમાં છેલ્લી ત્રણ ટર્મથી તાલુકા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવેલ છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ કવોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૮૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન